| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪–૦૨–૨૦૧૩ |
| નોંધણી તારીખ | ૦૪–૦૨–૨૦૧૩ |
| ફેંસલ તારીખ | ૧૩–૦૩–૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– ૧૬૭ / ૨૦૧૩

આંક :– ૧૧

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ** :–
(૧) રમણજી લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ.આ.૪૨,
(૨) કાન્તીજી લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ.આ.પર,
(૩) ચંપાબેન કાન્તીજી ઠાકોર, ઉ.વ.આ.૪૦,
ત્રણેય રહે. ગામ– લીંછ, તા.જી. મહેસાણા.
(૪) જયોત્સનાબેન કેશાજી ઠાકોર, ઉ.વ.આ.૩૨,
રહે. ગામ– બોરીયાલી, તા.જી. મહેસાણા.

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.એચ.પંડયા
આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી જે. એસ. જોષી

## ગુનો :– ઈ.પી.કો. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબ.

## " જ જ મે ન્ટ "

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ પૈકી આરોપી નં.૧ ફરીયાદીના પતિ, આરોપી નં.ર ફરીયાદીના જેઠ, આરોપી નં.૩ ફરીયાદીના જેઠાણી તથા આરોપી નં.૪ ફરીયાદીની નણંદ થાય છે જે ફરીયાદીના લગ્ન થયા બાદ એક વર્ષ પછી ફરીયાદીના પતિ કોઈ કામ ધંધો કરતા ન હોય જેથી ફરીયાદી કહેવા જતાં ફરીયાદી સાથે ઝઘડો કરી, મારઝુડ કરતા હતા અને ફરીયાદી કામ કરવા જતાં ફરીયાદી પર શક વહેમ રાખી ફરીયાદીને મારઝુડ કરતા હતા અને આરોપી નં.ર,૩,૪ આરોપી નં.૧ ને ચઢવણી કરી ફરીયાદી સાથે ઝઘડો કરી, મારઝુડ કરી શારિરીક માનસીક ત્રાસ આપી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો, તે મુજબની ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શહેરકોટડા પોલીસ સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૧૧/૨૦૧૨ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૨૩ તથા ૧૧૪ મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીઓ સામેના ગુનાના આંક–ર ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓનું પ્રાથમીક નિવેદન આંક–૩,૪,૫,૬ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં આ કામના પક્ષકારોએ આંક–૭ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. પરંતુ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ

૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુનાઓ કર્યાનો આક્ષેપ હોય અને તે ગુનાઓ પૈકી ઈ.પી.કો. કલમ ૪૯૮(ક) બીન સમાધાનપાત્ર હોવાથી સમાધાન પુરસીસ મંજુર થઈ શકે તેમ ન હોય સમાધાન પુરસીસ નામંજુર કરવામાં આવે છે અને ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદી સુધાબેન રમણભાઈ ઠાકોરની જુબાની | ૮ |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૯ |
| ૨ | કલોઝીંગ પુરસીસ | ૧૦ |

(૫) પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરીયાદી બેન સાથે ઝઘડો તકરાર કરી, શક, વહેમ રાખી આરોપી નં.૧ નાની આરોપી નં.૨,૩,૪ નાઓએ ખોટી ચઢામણી કરી મારઝુડ

કરી શારિરીક માનસીક ત્રાસ આપી એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નંબરઃ–૧</u>**

(૯) ઉભય પક્ષકારોની તમામ રજુઆતો ધ્યાનમાં લેતાં આ કામના આરોપી નં.૧ ફરીયાદીના પતિ, તથા નં.૨,૩ જેઠ–જેઠાણી તથા નં.૪ નણંદ થતા હોવા અંગે કોઈ વિવાદ નથી. આ કામના ફરીયાદીના લગ્ન આરોપી નં.૧ સાથે થયેલ હોવા અંગે પણ કોઈ વિવાદ નથી. આ કેસમાં ફરીયાદપક્ષ તરફે આંક–૮ થી ફરીયાદી સુધાબેન રમણભાઈ ઠાકોર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં સંયુકત કુટુંબમાં રહેતા હોવાના કારણસર અવારનવાર ધરકામ બાબતે સામાન્ય તકરારો થતી હતી, જેનાથી કંટાળી આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલાની હકીકત જણાવી રજુ થયેલ ફરીયાદ ઉપર પોતાની સહી ફરીયાદી તરીકે ઓળખી બતાવેલ છે. પરંતુ તેમના તરફે ફરીયાદની હકીકતને સમર્થન આપતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા બાદ ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન તેઓએ આરોપીઓ સાથે ધરમેળે સમાધાન થઈ ગયેલ છે અને છેલ્લા સાડા ત્રણ વર્ષથી તેણી સાથે રહે છે અને આરોપીઓ તેણીને સારી રીતે રાખે છે, હવે કોઈ તકરાર રહેતી ન હોઈ આ કેસ આગળ ચલાવવો નથી તેવી હકીકત જણાવેલી છે.

(૧૦) આ કામે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા અને આ કામે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે કેમ, તેની ચર્ચામાં ઉતરતા પહેલા ઈ.પી.કો. કલમ–૪૯૮(ક) ગુનાના તત્વોનો વિચાર કરીએ. ઈ.પી.કો. કલમ–૪૯૮(ક)ની કલમ નીચે મુજબ છે.

<u>૪૯૮(ક)– કોઈ સ્ત્રીનાં પતિ અથવા પતિના સગા ધ્વારા તેણીને ત્રાસ આપવા બાબત :–</u>

" જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીનો પતિ હોય અથવા પતિના સગા હોઈને અને આવી સ્ત્રી ઉપર ક્રુરતા આચરે (ત્રાસ આપે) તો તે વ્યકિતને ત્રણ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

<u>સ્પષ્ટીકરણ</u> : આ કલમના હેતુઓ માટે 'ત્રાસ'(ક્રુરતા) એટલે :–

ક). એવું કોઈ જાણીબુઝીને કરેલું કૃત્ય કે જે એવા પ્રકારનું હોય કે સ્ત્રીને આપઘાત કરવા પ્રેરે અથવા સ ત્રીની જીંદગીના અવયવને અથવા આરોગ્યને (પછી તે માનસિક અથવા શારીરિક હોય તો પણ) ગંભીર હાનિ અથવા ભયમાં મુકવા પ્રેરે, અથવા–

ખ). સ્ત્રીને કનડગત કરવી, જયાં આવી કનડગત તેણીનાં અથવા તેણીની સગી હોય તેવી વ્યકિતને કોઈ મિલ્કત અથવા કિંમતી જામીનગીરી માટે ગેરકાયદેસર માંગણીને પહોંચી વળવા દબાણ કરવાની હોય અથવા તેણીના સગાઓએ આવી માંગણીને પહોંચી વળવા ન હોવાને લીધે હોય.

આમ ઈ.પી.કો.કલમ–૪૯૮(ક)નો ગુનો સાબિત કરવા સારૂ ફરીયાદી સ્ત્રીને તેમના પતિ અથવા સગા તરફથી ત્રાસ આપવામાં આવતો હતો તેવું ફરીયાદપક્ષે પ્રથમ તો નિઃશંકપણે પુરવાર કરવું પડે તથા આ ત્રાસ એટલે આરોપીઓનું 'ઈરાદાપુર્વક' નું એવું 'વર્તન' જે સ્ત્રીને આપઘાત કરવાપ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શરીરના કોઈ અવયવને ભયમાં મુકવા પ્રેરે.

એટલે કે, પ્રથમ તો આરોપીઓનું ઈરાદાપૂર્વકનું કૃત્ય હોવું જોઈએ. એટલેકે આરોપીઓનો ઈરાદો એવો હોવો જોઈએ કે તેવા વર્તન અથવા કૃત્યથી સ્ત્રી આપઘાત કરે, પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શરીરના અવયવને ભયમાં મુકે.

આ કલમમાં આરોપીઓનું ઈરાદાપૂર્વકનું 'વર્તન' ના શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. જેનો

અર્થ એમ થાય કે આરોપીઓનું કોઈ કૃત્ય વર્તન કહી ન શકાય, આવા કૃત્યો માટે અલગ જોગવાઈઓ હોય. પરંતુ આ કલમની ખાસ સંજોગો માટે રચના કરવામાં આવી હોય 'વર્તન' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. 'વર્તન'નો અર્થ કોઈ એકલ દોકલ કૃત્ય નહી પરંતુ 'સિરીઝ ઓફ એકટસ' (કૃત્યોની હારમાળા) એવી હોય કે જેને કારણે સ્ત્રી પોતે આપઘાત કરે અથવા તેની જીંદગી જોખમમાં મુકે તેવો આરોપીઓનો ઈરાદો હોવો જોઈએ.

નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમકોર્ટે અનેક ચુકાદાઓમાં 'કન્ડકટ' શબ્દનો અર્થ 'સિરીઝ ઓફ એકટસ' એવો અર્થ કરવાનો છે તેમજ ઈ.પી.કો.ક. ૪૯૮(ક) ના ગુનાના સંદર્ભમાં આરોપીઓના વર્તનની સાથે સાથે ફરીયાદી સ્ત્રીનું વર્તન તેનો સ્વભાવ, તેની ટેવ, તેની સહનશકિત વિગેરે તમામ હકીકત પણ સાથે સાથે ધ્યાનમાં રાખવી જોઈએ.

(૧૧) આમ, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાનમાં લેતાં આ કામના આરોપીઓ ધ્વારા તેઓને શારિરીક કે માનસીક ત્રાસ ગુજારવામાં આવતો હોય અને તે કારણસર તેણી આત્મહત્યા કરવા પ્રેરાઈ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ તરફે સાબીત થતી નથી તેમજ આરોપીઓ તરફે મેણાટોણાં મારવાની અને અવારનવાર મારઝુડ કરવાની, નાની નાની વાતોમાં ફરીયાદીને મેણાટોણાં મારી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપવામાં આવતો હોય તેવી કોઈ હકીકત સાબીત થતી નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં  આરોપીઓ પૈકી આરોપી નં.૧ ફરીયાદીના પતિ, આરોપી નં.૨ ફરીયાદીના જેઠ, આરોપી નં.૩ ફરીયાદીના જેઠાણી તથા આરોપી નં.૪ ફરીયાદીની નણંદ થાય છે જે ફરીયાદીના લગ્ન થયા બાદ એક વર્ષ પછી ફરીયાદીના પતિ કોઈ કામ ધંધો કરતા ન હોય જેથી ફરીયાદી કહેવા જતાં ફરીયાદી સાથે ઝઘડો કરી, મારઝુડ કરતા હતા અને ફરીયાદી કામ કરવા જતાં ફરીયાદી પર શક વહેમ રાખી ફરીયાદીને મારઝુડ કરતા હતા અને આરોપી નં.૨,૩,૪ આરોપી નં.૧ ને ચઢ વણી કરી ફરીયાદી સાથે ઝઘડો કરી, મારઝુડ કરી શારિરીક માનસીક ત્રાસ આપી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો હોવાની હકીકત ફરીયાદપક્ષ તરફથી શંકારહિત પુરવાર થતી ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**"હુ ક મ"**

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૮(૧) અન્વયે આરોપીઓને ઈ.પી.કો. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિમી.પ્રો.કો. ક. ૪૩૭ (એ) મુજબ આરોપીઓએ રૂા.૫૦૦૦/– ના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ – ૧૩ માહે માર્ચ સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ ૧૩–૦૩–૨૦૧૮.
અમદાવાદ.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૮૬૨.